ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

બારડોલી-વ્યારા-ભરૂચ

તાપમાન		મહત્તમ	લઘુતમ
	અંકલેશ્વર	૩૭.૦° સે.	૨૩.૦° સે.
	બારડોલી	૩૬.૦° સે.	૨૨.૦° સે.
	ભરૂચ	૩૭.૦° સે.	૨૩.૦° સે.
	વ્યારા	૩૬.૦° સે.	૨૨.૦° સે.

મજબૂત માંગ માટે માસ સીએલ

બારડોલીની રેવન્યુ કચેરીઓમાં હડતાળની અસર દેખાઈ



૭ ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાળની ચીમકી

બારડોલી, વાંકલ, માંડવીઃ ગુજરાત રાજ્ય મહેસુલી કર્મચારી મહામંડળના આદેશ મુજબ સુરત જિલ્લા મહેસુલી કર્મચારી મંડળ દ્વારા ચાલી રહેલા આંદોલનના ભાગરૂપે આજે સુરત જિલ્લાના બારડોલી પ્રાંત કચેરીના મહેસૂલી કર્મચારીઓ, માંગરોળ, ઉમરપાડા, માંડવી અને અરેઠના કર્મચારીઓએ એક દિવસના માસ સીએલ પર ઊતરીને ભારે વિરોધ પ્રદર્શન કર્યું હતું. પડતર માંગણીઓનો લાંબા સમયથી ઉકેલ ન આવતાં કર્મચારીઓમાં સરકાર સામે વ્યાપક રોષ જોવા મળી રહ્યો છે.

મહેસૂલી કર્મચારીઓ દ્વારા બઢતી અને બદલી, સિનિયોરિટી યાદી તેમજ મહેસૂલી તલાટીઓના જોબચાર્ટમાંથી અન્ય વિભાગની કામગીરી દૂર કરવા જેવા સેવા વિષયક પ્રશ્નો મુદ્દે મહામંડળ થકી સરકારમાં સતત રજૂઆતો કરવામાં આવી રહી છે. સરકાર અને મહેસૂલ વિભાગ દ્વારા આ મામલે અગાઉ અનેકવાર આશ્વાસન આપવામાં આવ્યા છે, પરંતુ ઉકેલ આવ્યો ન હતો. આ વિરોધ પ્રદર્શનના અગાઉના તબક્કામાં કર્મચારીઓ દ્વારા સુરત કલેક્ટરને એક આવેદન પાઠવીને રજૂઆત કરવામાં આવી હતી. આ ઉપરાંત, વિરોધના પ્રતીક રૂપે તમામ કર્મચારીઓએ સરકારી કામકાજના વોટ્સએપ ગ્રુપમાંથી લેફ્ટ થઈને આક્રોશ વ્યક્ત કર્યો હતો.

મહેસૂલના કર્મચારીની આ મુખ્ય માંગણી છે



1 પ્રમોશન અને બદલીની નીતિ: તાજેતરમાં પ્રમોશન મેળવેલા મહેસૂલી તલાટીઓ અને ક્લાર્કોને પોતાના મૂળ જિલ્લામાં જગ્યાઓ હોવા છતાં ૪૦૦ કિલોમીટર દૂર બદલી આપવામાં આવી છે જે રદ કરો



2 જોબ ચાર્ટમાં સુધારોઃ અન્ય વિભાગોની વધારાની કે બિન-મહેસૂલી કામગીરી તલાટીઓ અને કર્મચારીઓના જોબ ચાર્ટમાં ઉમેરી દેવામાં આવી છે, જેને દૂર કરવાની માંગ.



3 સમયસર બઢતી (Promotions): વર્ષોથી અટકેલી કે વિલંબિત બઢતી પ્રક્રિયા ઝડપથી પૂરી કરી સમયસર પ્રમોશન આપવું.



4 ફિક્સ પે અને ગ્રેડ પેના પ્રશ્નોઃ ફિક્સ પ્લે અને કેડર સંબંધિત પગાર-ધોરણ તથા ગ્રેડ-પેના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ.

ભરૂચમાં પણ મહેસૂલી કર્મચારીની રજાની અસર દેખાઈ



18 હજાર ગામડાં સામે માત્ર 4,042 મહેકમ : વિપુલ સોરઠિયા

ભરૂચ : ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મંડળની સૂચનાથી ભરૂચના મહેસૂલી કર્મચારીઓએ આજે માસ સીએલ રાખીને વિરોધ નોંધાવ્યો હતો. કર્મચારીઓ પડતર પ્રશ્નોના તાત્કાલિક ઉકેલની માંગ કરી રહ્યા છે.

કર્મચારીઓના જણાવ્યા મુજબ, અગાઉ મહેસૂલ વિભાગે એક મહિનાની અંદર પ્રશ્નો ઉકેલવાની ખાતરી આપી હતી, પરંતુ સમયસર ઉકેલ ન આવતાં ફરી વિરોધ કરવો પડ્યો છે.મંડળના પ્રમુખ વિપુલ સરોઠિયાએ જણાવ્યું કે, રાજ્યના 18 હજાર ગામડાં સામે માત્ર 4,042 મહેકમ હોવાથી તલાટીઓ પર કામનું ભારણ વધુ છે. નવા જોબચાર્ટમાં અન્ય વિભાગોની કામગીરી પણ સોંપાઈ છે, જેથી કર્મચારીઓમાં અસંતોષ છે.આ ઉપરાંત, 2012 બેચના નાયબ મામલતદારોને સિનિયોરિટી અને પ્રમોશનમાં અન્યાય તેમજ 2015 બેચના ક્લાર્કોને પ્રમોશન બાદ બદલી કરાતાં કર્મચારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.

મહેસૂલી કર્મચારી મંડળે સરકારને ચેતવણી આપી છે કે, જો પડતર પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ નહીં લાવવામાં આવે, તો 7 ઓક્ટોબરથી રાજ્યભરના મહેસૂલી કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરશે.

કોસંબા ત્રિપલ મર્ડરઃ સ્મશાનમાં દાટેલી ભારતીની લાશનાં અવશેષો બહાર કાઢ્યાં

પોલીસે ચાર વર્ષ પહેલાં દફનાવાયેલી મહિલાનું કંકાલ કબજે કર્યું



હથોડાઃ કોસંબામાં છ દિવસ પહેલાં જાહેર થયેલા અને સમગ્ર ગુજરાતમાં હાહાકાર મચાવનારા ચાર વર્ષ જૂના ત્રિપલ મર્ડર કેસમાં પોલીસે તપાસનો દોર વધુ તેજ કર્યો છે. રિમાન્ડ મેળવ્યા બાદ પોલીસે મુખ્ય આરોપી માધવદાસ ભક્તિ રામ સાધુને સાથે રાખીને કોસંબા-સાવા રોડ પર આવેલા સ્મશાનમાં કબર ખોદીને મૃતક ભારતીબેનના લાશનું કંકાલ તથા અન્ય મહત્વનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

તપાસમાં સામે આવેલા તથ્યો મુજબ આરોપી માધવદાસે 85 વર્ષીય વૃદ્ધા શાંતિબેનની હત્યા કરી હતી, પરંતુ તે પહેલાં પથારીવશ અને બીમાર ભારતીબેનની હત્યા કરીને લોકોને ગેરમાર્ગે દોર્યા હતા. ત્યારબાદ લોકોની હાજરીમાં સાવા રોડ પર આવેલ સ્મશાનમાં ભારતીબેનની લાશને દફનાવી દીધી હતી. સાંજે એસ.ડી.એમ., ડી.વાય. એસ.પી. અને સરકારી તબીબની હાજરીમાં આશરે ત્રણથી ચાર કલાકની ભારે જહેમત બાદ કબરને ૪થી ૫ ફૂટ ઊંડી ખોદવામાં આવી હતી. દફનવિધિ વખતે વપરાયેલી ચૂંદડી, ગોદડી, થાળી અને ગ્લાસ જેવાં અવશેષો મળી આવતાં ચાર વર્ષ પહેલાં દફનવિધિમાં હાજર રહેલા પરિવારે કબરમાંથી મળેલી લાશ ભારતીબેનની જ હોવાનું ઓળખી બતાવ્યું હતું. સરકારી તંત્રની હાજરીમાં પોલીસે ભારતીબેનનાં અસ્થિ તથા કંકાલનો કબજો મેળવીને વધુ ફોરેન્સિક પીએમ અર્થે સુરત ખાતેની ફોરેન્સિક લેબમાં મોકલી આપ્યા છે. આ પુરાવા મળવાથી ત્રિપલ મર્ડર કેસમાં પોલીસની કાનૂની કાર્યવાહી વધુ મજબૂત બનશે.

બારડોલી જન સેવા કેન્દ્રમાં આધાર કાર્ડની કામગીરી બંધ કરાતાં રોષ

પ્રાંત અધિકારીને આવેદનપત્ર અપાયું



બારડોલીઃ બારડોલી તાલુકા સેવા સદન ખાતે આવેલા જન સેવા કેન્દ્રમાં ૧૮ વર્ષથી વધુ ઉંમરના નાગરિકો માટે આધારકાર્ડની કામગીરી અચાનક બંધ કરી દેવામાં આવતાં સ્થાનિકો અને ગ્રામજનોમાં ભારે મુશ્કેલી સર્જાઈ છે. આ ગંભીર સમસ્યાના કાયમી નિરાકરણ માટે બારડોલી તાલુકાના આદિવાસી સમાજના આગેવાનોએ એકત્રિત થઈને તારીખ ૫ ઓક્ટોબરે બારડોલીના પ્રાંત અધિકારીને એક આવેદનપત્ર સુપરત કર્યું છે.

આવેદનપત્રમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે અગાઉ બારડોલી જન સેવા કેન્દ્રમાં આધારકાર્ડ સંબંધિત તમામ કામગીરી ખૂબ જ સરળતાથી અને રાહતદરે કરવામાં આવતી હતી. પરંતુ હાલમાં વહીવટી તંત્ર દ્વારા 'કિટ અપડેટમાં છે' તેવું કારણ આગળ ધરીને ૧૮ વર્ષથી વધુ વયના લોકોની આધાર કામગીરી સદંતર બંધ કરી દેવાઈ છે. વળી, આવા અરજદારોને પોતાના કામ માટે છેક સુરત સુધી જવાનું કહેવામાં આવી રહ્યું છે.

આદિવાસી અને અંતરિયાળ વિસ્તારના સામાન્ય તથા ગરીબ નાગરિકો માટે માત્ર એક આધારકાર્ડ કઢાવવા કે તેમાં સુધારો કરવા માટે સુરત સુધી ધક્કા ખાવા એ આર્થિક રીતે અને સમયની દૃષ્ટિએ અત્યંત કષ્ટદાયક છે. ખાનગી એજન્સીઓ પાસે જવાથી તેમને આર્થિક શોષણનો પણ સામનો કરવો પડે છે. આજના સમયમાં સરકારી યોજનાઓ, બેન્કિંગ, શિક્ષણ અને આરોગ્ય જેવી પાયાની સેવાઓ મેળવવા માટે આધારકાર્ડ અત્યંત જરૂરી દસ્તાવેજ બની ગયો છે, ત્યારે આ કામગીરી બંધ થવાથી અનેક લોકો સરકારી લાભોથી વંચિત રહી શકે છે.

આગેવાનોએ વહીવટી તંત્ર સમક્ષ ઉગ્ર માંગ કરી છે કે જો કિટ અપડેટ કે અન્ય કોઈ ટેક્નિકલ ખામી હોય તો તેનું તાત્કાલિક ધોરણે નિરાકરણ લાવીને બારડોલી ખાતે જ કામગીરી પૂર્વવત્ શરૂ કરવામાં આવે. ગ્રામ્ય વિસ્તારના લોકોને સુરત સુધી જવાની ફરજ ન પડે તેવી સુવિધા સ્થાનિક સ્તરે જ ઊભી કરવી અત્યંત આવશ્યક છે. આ અંગેની જાણ અને આવેદનપત્રની નકલ ગુજરાતના મુખ્યમંત્રી, રાજ્યપાલ, કલેક્ટર અને યુઆઈડીએઆઈ કચેરી સહિતના ઉચ્ચ અધિકારીઓને પણ મોકલી આપવામાં આવી છે.

વાવ પાસે જેસીબીએ બાઇકને અડફેટે લેતાં યુવકનું મોત, બે ઘાયલ



કામરેજઃ વાવ ગામ નજીક જે.સી.બી.ના ચાલકે અચાનક રોડ પર વાળી દઈ ટક્કર મારતાં બાઇકસવાર એકનું મોત થયું હતું. તો બેને ઈજા થઈ હતી.

કામરેજના ખોલવડ ગામે આર.કે. કોલોનીમાં રોહિત મકવાણા (ઉં.વ.20) ફળિયામાં રહેતો સુજલ નાયકા (ઉં.વ.25) તેમજ સાથે નોકરી કરતી મહિલા રૂપાબેન શીંદે (ઉં.વ.30) (રહે.,નવાગામ કોલોની) સાથે હિરો સ્પલેન્ડર બાઇક નં.(જીજે 05 યુકે 9949) લઈને સવારના આશરે 8 કલાકે માંકણા ગામે નોકરી પર જવા માટે નીકળ્યો હતો. ત્યારે અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે નં.48 પર વાવ ગામની હદમાં જેટકો કંપની સામે અજાણ્યા જે.સી.બી.ના ચાલકે અચાનક રોડ પર વાળી દઈ બાઈકને ટક્કર મારતાં રોહિતને ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે સુજલને માથા, કપાળ, પગમાં ઈજા થઈ હતી.

જ્યારે રૂપાબેનને મોં તેમજ શરીરના ભાગે ઈજા થતાં સારવાર માટે 108માં સ્મીમેર હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ ખોલવડ આર.કે.કોલોનીમાં રહેતા લોકોને થતાં તુરંત જ કામરેજ પોલીસ મથકે દોડી આવ્યા હતા. મરનાર રોહિતના પિતાએ અજાણ્યા જે.સી.બી.ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.

ભરૂચ જિલ્લામાં પ્રાકૃતિક ખેત ઉત્પાદન વેચાણ કેન્દ્રનું લોકાર્પણ

ભરૂચઃ રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તેમજ પ્રાકૃતિક કૃષિ પેદાશો શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સરળતાથી ઉપલબ્ધ બને અને ખેડૂતોને તેમની પ્રાકૃતિક કૃષિ પેદાશોના યોગ્ય વેચાણ માટે બજાર મળી રહે તે હેતુથી રાજ્યવ્યાપી પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રો શરૂ કરવામાં આવી રહ્યા છે. તેના ભાગરૂપે જિલ્લાના પ્રભારી મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા હસ્તે ગૌ એકતા એગ્રી પ્રોડ્યુસર કંપની લિ. સાંઈબાબા મંદિર, ઝાડેશ્વર ખાતે પ્રાકૃતિક ખેત ઉત્પાદન વેચાણ કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ઓલપાડ ગ્રુપ ગ્રામ પંચાયતમાં કરોડોની માટી ચોરીનું કૌભાંડ

FIRની માંગ સાથે કોંગ્રેસે પ્રાંતને આવેદન આપ્યું

મહિલા સરપંચની જાણ બહાર ઠરાવ કરી સરકારી પડતર જમીનમાં ગેરકાયદે ખોદકામ

વિરોધ કરતાં હોદ્દા પરથી હટાવવાની નોટિસનો આક્ષેપ



સાયણઃ ઓલપાડ ગ્રુપ ગ્રામ પંચાયત હેઠળ તળાવ નં.૧૧ અને ૧૯૯ના નામે મંજૂરી લીધા વગર સરકારી પડતર જમીનમાંથી કરોડોની માટી ચોરીનું કૌભાંડ થયાનો આક્ષેપ સાથે ઓલપાડ તાલુકા કોંગ્રેસ પ્રમુખ હેમલ પટેલ (લખન) દ્વારા પ્રાંત અધિકારીને આવેદન અપાયું છે.

ઓલપાડ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હેમલ પટેલ (લખન) દ્વારા પ્રાંત અધિકારી લેખિત રજૂઆત કરવામાં આવી છે, જેમાં ઓલપાડ ગ્રુપ ગ્રામ પંચાયતમાં ચાલતા મોટા ભ્રષ્ટાચારના આક્ષેપો કરાયા છે. તા.૨/૧૦/૨૦૨૬ની ગ્રામસભામાં મહિલા સરપંચ રુચિકાબેન પટેલે ખુલાસો કર્યો હતો કે, અસનાબાદ વિસ્તારનાં તળાવોના નામે ઠરાવ કરી તે જગ્યાએ કામ ન કરતા બાજુની સરકારી પડતર જમીનમાંથી દિવસ-રાત ખોદકામ કરી લાખો રૂપિયાની માટી વેચી દેવાઈ છે.

તળાવ નં.૧૧ અને ૧૯૯ માટે પંચાયત ઠરાવ, સરકારી મંજૂરી કે રોયલ્ટી ભર્યા વગર ગેરકાયદે પરિવહન કરાયું છે.

ગામમાં રસ્તા, પાણી, ગટર જેવી સુવિધાનો અભાવ છે, ત્યારે કુદરતી સંપત્તિની લૂંટ ચાલી રહી હોવાનો આક્ષેપ છે. ભ્રષ્ટાચાર સામે સરપંચે તાલુકા-જિલ્લા પંચાયત અને કલેક્ટરમાં ફરિયાદ કરતા તેમને જ ગુજરાત જમીન મહેસૂલ કાયદા કલમ ૫૭(૧) હેઠળ ખોટી નોટિસો આપી હોદ્દા પરથી હટાવવાનો પ્રયાસ થયો હોવાનું જણાવાયું છે, જેથી સરપંચને હાઈકોર્ટમાં પિટિશન કરવી પડી છે. આ સમગ્ર કૌભાંડમાં પડદા પાછળના રાજકીય માથાઓ અને ભૂમાફિયાઓની મિલીભગત હોવાનો આક્ષેપ છે.

ઉચ્ચસ્તરીય નિષ્પક્ષ એજન્સી દ્વારા તપાસ, જવાબદારો સામે તાત્કાલિક FIR અને જેલભેગા કરવા, વેચાયેલી માટીની રોયલ્ટી અને દંડની રકમ વસૂલ કરવી, મહિલા સરપંચ સામેની પાયાવિહોણી નોટિસો રદ કરવી. જો કાર્યવાહી નહીં થાય તો સમગ્ર પંથકના ગ્રામજનો અને ખેડૂતોને સાથે રાખી જલદ આંદોલન અને ધરણાની ચીમકી આપવામાં આવી છે.

છાતીમાં દુખાવો ઉપડતાં વાસણના યુવાન વેપારીનું મોત

માંડવીઃ મૂળ યુ.પી.ના ફરૂખાબાદના વતની અને હાલ માંડવીના ધોબણી નાકા પાસે ભાડે રહેતા અવનીશ કુશવાહ (ઉ.વ.33) વાસણ વેચવાનો વ્યવસાય કરતા હતા. તેઓ છેલ્લા સાત-આઠ વર્ષથી છાતીના દુખાવાથી પીડાતા હતા. 4 ઓક્ટોબરની સવારે તેઓ પોતાની બાઈક (GJ-05-AF-5409) પર રોજિંદી ફેરી માટે નીકળ્યા હતા. મગતરા ગામ અને ફેદરીયા ચાર રસ્તા વચ્ચે તેમને અચાનક છાતીમાં સખત દુખાવો ઉપડ્યો હતો. તબિયત લથડતાં તેમણે બાઈક રોડની સાઈડમાં ઊભી રાખી દીધી હતી અને જમીન પર ઢળી પડતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ અંગે માંડવી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ટકારમા હાઈસ્કૂલમાં મેગા મેડિકલ કેમ્પ

સાયણઃ ઓલપાડના ટકારમા ગામની શ્રી જ.ર.પટેલ હાઈસ્કૂલમાં લાયન્સ ક્લબ ઓફ સુરત નોર્થના સહયોગથી વિનામૂલ્યે યોજાયેલા મેગા મેડિકલ કેમ્પમાં ૩૬૦ જેટલા દર્દીએ લાભ લીધો હતો. આ કેમ્પમાં ટકારમા સહિત આજુબાજુના ગામના ૩૬૦ દર્દીએ જનરલ ફિઝિશયન, ડાયાબિટીસ, બાળરોગ, હાડકાં, દાંત, આંખ અને કરોડરજ્જુના નિષ્ણાત તબીબોની સેવાનો વિનામૂલ્યે લાભ લીધો હતો.

સંક્ષિપ્ત સમાચાર

ઈસરમાં ડે-નાઈટ ફૂટબોલ ટુર્નામેન્ટ યોજાઈ



માંડવીઃ માંડવીના ઈસર ગામે નિલકમલ સ્પોર્ટ્સ ક્લબ દ્વારા તા. ૩ અને ૪ ઓક્ટોબરના રોજ ઈસર ગ્રીન ગ્રાઉન્ડ ખાતે ડે-નાઈટ ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. મધ્ય અને દક્ષિણ ગુજરાતની કુલ ૩૮ ટીમો વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો હતો. જેમાં ફેલોશિપ F.C.એ શાનદાર પ્રદર્શન કરી ચેમ્પિયનશિપ જીતી હતી, જ્યારે બિલિમોરા F.C. રનર્સ અપ રહી હતી આ સ્પર્ધાનું ઉદ્ઘાટન ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિના હસ્તે થયું હતું, જેમણે રમતગમતને પ્રોત્સાહન આપવા રૂ. ૨૧,૦૦૦ની સહાય અર્પણ કરી હતી. ફાઈનલ મેચ બાદ સરપંચ ધર્મેશભાઈ એસ.ના હસ્તે વિજેતા ફેલોશિપ F.C.ને રૂ. ૧૭,૦૦૧ રોકડ, ટ્રોફી અને સર્ટિફિકેટ અપાયાં હતાં. આ ઇનામ ટીમના સ્પોન્સર વસાવા મેઘરાજે સ્વીકાર્યું હતું. રનર્સ અપ ટીમને તાલુકા પંચાયત સભ્ય નાથુભાઈ કે.ના હસ્તે રૂ.૯,૦૦૧ રોકડ અને ટ્રોફીથી સન્માનિત કરાઈ હતી.આ કાર્યક્રમમાં ગામના આગેવાન રમેશભાઈ કે., દૂધ ડેરી મંત્રી રમેશભાઈ સહિત યુવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઘલા પાસે 13 પશુ ભરેલી ટ્રક સાથે ડ્રાઈવર અને ક્લીનર પકડાયા



કામરેજઃ ઘલા ગામ નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર ગૌરક્ષકોએ બાતમીના આધારે પશુઓ ભરેલી એક ટ્રક નં.(GJ 24 X 7872)ને ઝડપી પાડી હતી. તપાસ દરમિયાન ટ્રકમાંથી ક્રૂરતાપૂર્વક બાંધેલાં ૧૩ પશુ મળી આવ્યાં હતાં, જેમને સુરક્ષિત રીતે મુક્ત કરાવી પાંજરાપોળ મોકલાયાં હતાં. કામરેજ પોલીસે ઘટના સ્થળેથી ડ્રાઈવર નિશાર મોહમદ શેખ (રહે.,સિદ્ધપુર) અને ક્લીનર સાદીમોદીન મલેક (રહે.,પેટલાદ) ની અટકાયત કરી હતી. પૂછપરછમાં પશુઓ સુરતના આંજણા વિસ્તારથી ભરીને મહારાષ્ટ્રના ધુલિયા ખાતે બિનઅધિકૃત રીતે લઈ જવાતા હોવાનો ખુલાસો થતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બારડોલીની B.A.B.S. હાઈસ્કૂલનું ગૌરવ



બારડોલીઃ ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી તથા ગુજકોસ્ટ ગાંધીનગર દ્વારા 5 ઓક્ટોબર 2026ના રોજ જીવનભારતી સ્કૂલ, સુરત ખાતે '32મી નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ-2026' અંતર્ગત જિલ્લા કક્ષાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં બી. એ. બી. એસ. હાઈસ્કૂલ, બારડોલીના વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ પ્રદર્શન કરી સુરત જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવી શાળા તથા સમગ્ર પંથકનું ગૌરવ વધાર્યું છે. આ સ્પર્ધામાં શાળાના વિજ્ઞાન શિક્ષક જયદીપ નિકુભાઈ આહિરના સચોટ માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ શાહ સમ્યક અંકુર, શાહ વૈશ્વી કેવિનકુમાર અને લાડ ક્રિશ અલ્પેશકુમારએ NCSC-2026ના 'વિભાગ ૨ - ENERGY' અંતર્ગત ભાગ લીધો હતો. પ્રોજેક્ટને સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો હતો. આ ઝળહળતી સિદ્ધિ બદલ શાળાના આચાર્યા શ્રીમતી ચેતનાબેન અધેરા, સંસ્થાના માનદ મંત્રી ડો.વ્યોમભાઈ પાઠક તેમજ ચેરમેન હસમુખભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓ સમ્યક, વૈશ્વી અને ક્રિશ તેમજ માર્ગદર્શક શિક્ષક જયદીપ આહિરને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

બારડોલીની બીએબીએસ હાઈસ્કૂલના શિક્ષકની ચેસ સ્પર્ધામાં સિદ્ધિ



બારડોલીઃ બારડોલી એજ્યુકેશન સોસાયટી સંચાલિત બારડોલી ઔદિચ્ય બ્રાહ્મણ સાર્વજનિક હાઈસ્કૂલના શિક્ષક મુકેશભાઈ દુબેએ ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલી તાલુકા કક્ષાની ચેસ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરી ફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું. ૪૦ વર્ષથી વધુ વયની કેટેગરીમાં યોજાયેલી આ સ્પર્ધામાં તેઓ રનર્સ અપ રહ્યા હતા. તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર મુકેશભાઈ દુબે હવે આગામી દિવસોમાં જિલ્લા કક્ષાની ચેસ સ્પર્ધામાં બારડોલી તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે. તેમની આ સિદ્ધિ બદલ શાળાના આચાર્યા ચેતનાબેન જે. અધેરા, ચેરમેન હસમુખભાઈ પટેલ, માનદ મંત્રી ડો.વ્યોમ પાઠક તથા સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવી જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

તીર્થધામ સાંકરી ખાતે સ્મૃતિ પર્વની ઉજવણી

બારડોલીઃ તા.૪ ઓક્ટોબરના રોજ દક્ષિણ ગુજરાતના પ્રસિદ્ધ તીર્થધામ સાંકરી મંદિરે ભગવાન સ્વામિનારાયણ અને પ્રમુખસ્વામી મહારાજના સ્મૃતિ પર્વ તેમજ મહંતસ્વામી મહારાજની ૯૩મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન અવસરે આસપાસનાં ગામોના હરિભક્તોએ ૪,૭૨૦ લીટર દૂધની સેવા આપી હતી, જેમાંથી સંતો અને ભક્તોએ દૂધપાક તૈયાર કરી ભગવાનને અર્પણ કર્યો હતો. સવારે યોજાયેલી વિશેષ સભામાં પૂજ્ય ધ્યાનજીવન સ્વામી, પૂર્ણકામ સ્વામી અને પુણ્યદર્શન સ્વામીએ પ્રેરણાદાયક પ્રવચનો આપી ભગવાન અને સંતોની ભક્તવત્સલતાના પ્રસંગો વર્ણવ્યા હતા.

શેખપુર ગામમાં કરંટ લાગતાં યુવકનું મોત

કામરેજઃ કામરેજના શેખપુર ગામે હરિદર્શન સોસાયટીમાં રહેતા ૪૨ વર્ષીય વિજય લવજીભાઈ ગોહિલનું રવિવારે સવારે વીજ કરંટ લાગવાથી મોત નીપજ્યું હતું. સોસાયટીમાં પાણીની મોટર ચાલુ કરવા જતાં અચાનક કરંટ લાગતાં તેઓ ઢળી પડ્યા હતા. સ્વજનો તુરંત જ તેમને સારવાર અર્થે સાયણની જીવનરક્ષા હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. કામરેજ પોલીસે આંગે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

દેલાડમાં ઇન્ડસ્ટ્રિઝમાં કામ કરતી યુપીની મહિલાનું મોત

સાયણઃ પરિયા ગામે રહેતી મૂળ કાનપુરની ૨૮ વર્ષીય અર્ચનાદેવી નિશાદ દેલાડ ગામની સીમમાં આવેલ 'સુટેક્ષ ફેબ્રિક્સ'માં ઇન્સ્પેક્શન મશીન પર કામ કરતી હતી. દરમિયાન અચાનક તેમનો દુપટ્ટો મશીનમાં ભરાઈ જઈ ગળે વીંટળાઈ જતાં ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. ઓલપાડ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

નવાગામ પાસે રિક્ષામાં મુસાફરને લૂંટનાર ઝડપાયો

કામરેજઃ કામરેજ પોલીસે પેસેન્જરના સ્વાંગમાં રિક્ષામાં મુસાફરોને બેસાડી ખિસ્સાકાતરી કરતી ગેંગના એક સાગરીતને ચોરીની રોકડ અને રિક્ષા નં.(જીજે 05 સીએક્સ 6845) સાથે પકડી પાડ્યો છે. ત્રણ દિવસ અગાઉ કામરેજ ચાર રસ્તાથી રિક્ષામાં બેસેલા મુસાફરના ખિસ્સામાંથી રૂ.૪,૭૦૦ રૂપિયાની ચોરી થઈ હતી. જે અંગે કઠોરના સોયબ મંસુરીએ ચાર ઈસમ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. બાતમીના આધારે પોલીસે નવાગામ પાસેથી રિક્ષાચાલક નાદીર શકીલ શેખ (રહે.,ભેસ્તાન)ને ૪,૭૦૦ રોકડા અને રિક્ષા સહિત કુલ ૫૪,૭૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. પકડાયેલો આરોપી અગાઉ વરાછા પોલીસ મથકે પણ ચોરીના ગુનામાં ઝડપાઈ ચૂક્યો છે.